ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૨૭ ટકા

ગાંધીનગર તાપમાન

ગાંધીનગરમાં પાયલોટ પ્રોજેકટ શરૂ

અકસ્માત થયો હશે કે માર્ગ પર ઢોર રખડતાં હશે તેની તરત મળશે માહિતી : અકસ્માત ઝોનમાં વાઈલ્ડલાઈફ ડિટેકશન, ઈન્સિડેન્ટ ડિટેકશન અને સ્પીડ ડિટેકશન કેમેરા લગાવાશે

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં ધોરીમાર્ગો પર રખડતાં ઢોરને કારણે થતા માર્ગ અકસ્માતમાં અપમૃત્યના બનાવો પર અંકુશ મેળવવા તેમજ ધોરીમાર્ગો પર દોડતાં ઓવર વાહનો ઉપરાંત ત્રણ-ચાર માર્ગીય રસ્તો આગળ જઈને ભેગો થતો હોવાથી અગાઉથી જ વાહનચાલકોને જાણકારી મળી રહે એ માટે વર્લ્ડબેંકના સહયોગથી રાજય માર્ગ મકાનવિભાગ દ્વારા ગાંધીનગરના માર્ગો પર પાયલોટ પ્રોજેકટ હાથ ધરાશે. વાઈલ્ડલાઈફ ડિટેકશન, ઈન્સિડેન્ટ ડિટેકશન અને સ્પીડ ડિટેકશન કેમેરા લગાવીને એક પાયલોટ પ્રોજેકટનું ટેસ્ટિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. જે મહિનાના અંત સુધીમાં કાર્યરત પણ કરી દેવામાં આવશે.

શહેરમાં માર્ગ અકસ્માતના રોજબરોજ બનાવો સામે આવી રહ્યા છે. તાજેતરમાં મળેલી ગુજરાત વિધાનસભાની બેઠકમાં રાજય સરકારે માર્ગ અકસ્માત મામલે થતાં મોતના આંકડ જાહેર કર્યા હતા આ આંકડાઓ અનુસાર છેલ્લાં ત્રણ વર્ષમાં ૨૧ હજારથી વધુ લોકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામ્યા છે. જયારે ૪૬ હજારથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાં છે. એટલે કે દર વર્ષે સાત હજારથી વધુ લોકો માર્ગ અકસ્માતનો ભોગ બને છે જયારે અંદાજિત ૧૫ હજાર લોકો ઘાયલ થાય છે. સરકારના આંકડા

પર નજર કરીએ તો રાજયમાં સરેરાશ દર કલાકે ૨માર્ગ અકસ્માતમાં એક વ્યકિત મૃત્યુ પામે છે અને સરેરાશ દરરોજ ૫૨ માર્ગ અકસ્માતમાં કુલ ૨૦ લોકો મૃત્યુ પામે છે. વાહન વ્યવહાર વિભાગના આંકડાઓ અનુસાર છેલ્લા પાંચ વર્ષમાં ૮૯,૫૧૪ માર્ગ અકસ્માત નોંધાયા હતા જેમાં કુલ ૩૯,૧૧૧૨ લોકો મૃત્યુ પામ્યા હતા.

● પાયલોટ પ્રોજેકટનું ગાંધીનગરમાં ટેસ્ટિંગ શરૂ થયું

શહેરમાં વધતા જતા અકસ્માતો પાછળ વાહનોની ઓવરસ્પીડ, રખડતાં ઢોર, ધોરી માર્ગો પર ઉભા રહી જતા વાહનો જવાબદાર હોવાનું એક સર્વેમાં બહાર આવ્યું છે. જેને પગલે 'કોરીડોર ડેમોન્સ્ટ્રેશન પ્રોજેકટ' તરતો મુકવામાં આવ્યો છે. આ અન્વયે ગાંધીનગરમાં વાઈલ્ડલાઈફ ડિટેકશન, ઈન્સિડેન્ટ ડિટેકશન અને સ્પીડ ડિટેકશન કેમેરા લગાવવામાં આવી રહ્યા છે. આ પાયલોટ પ્રોજેકટનું ગાંધીનગરમાં હાલમાં ટેસ્ટિંગ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે.

● વાહનચાલકોને અસામાન્ય ઘટનાથી એલર્ટ કરાશે

શહેરના માર્ગો પર રખડતાં ઢોર જેવા કે ગાયો, ભેંસો, કૂતરાં, હરણ, નીલગાય અચાનક દોડીને માર્ગ પર આવી જતાં હોય છે જેનાથી વાહનચાલકો અજાણ હોય છે તેમજ ઘણાં વાહનોની સ્પીડ પણ ગતિ મર્યાદાથી વધુ હોય છે. આ સિવાય માર્ગો પર કોઈ પણ પ્રકારની જાનહાનિ કે અન્ય ઘટના ઘટે તો તેની જાણ થતાં ઘણીવાર વાર લાગી જતી હોય છે. આ સમસ્યાના નિરાકરણ માટે વધુ એક પાયલોટ પ્રોજેકટ ગાંધીનગરમાં શરુ કરવા કવાયત ચાલી રહી છે. શહેરના માર્ગો પર સર્વે કરીને વાઈલ્ડલાઈફ ડિટેકશન, ઈન્સિડેન્ટ ડિટેકશન અને સ્પીડ ડિટેકશન કરતા આધુનિક કેમેરા ફીટ કરવામાં આવશે તેનું ટેસ્ટિંગ પણ શરૂ કરી દેવાયું છે. આ કેમેરાનો સીધો કમાન્ડ ગાંધીનગર પોલીસવડા કચેરીએ આવેલા કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમમાં આપવામાં આવશે.

જન્મદિને વધામણી

તુષારકુમાર મુળજીભાઈ પરમાર
મો. ૯૮૨૪૧ ૬૪૦૦૩

અખિલેશ પુરોહિત
યુવા કથાકાર, ગાંધીનગર

ઈલાબેન જોશી

કડવાત્તર લલીતાબેન આર.

આઈએઆર અન્ડર-૧૯ ક્રિકેટ ટૂર્નામેન્ટનું સમાપન

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટયૂટ ઓફ એડવાન્સ રિસર્ચ ખાતે અન્ડર-૧૯ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી. આ ટૂર્નામેન્ટમાં રાજયકક્ષાની વિવિધ ૨૧ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ મેચમાં ઊંઝાની તપોવન ઈન્ટરનેશનલ સ્કૂલ ટીમે શાનદાર દેખાવ કરી સંતરામપુરની શ્રી મુરલીધર વિદ્યાલય ટીમ સામે વિજય મેળવ્યો હતો.

આઈએઆર ક્રિકેટ ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં મુખ્ય અતિથીવિશેષ ગુજરાતના પૂર્વ ડીજીપી અને એન્ટીકરપ્શન બ્યુરોના ડાયરેકટર કેશવકુમાર, ડીસ્ટ્રીકટ સ્પોર્ટસ ઓફિસર મહેશભાઈ ચૌધરી, કોબાના પૂર્વ સરપંચ યોગેશભાઈ નાઈ ઉપસ્થિત રહ્યા હતા.

આ ટુર્નામેન્ટમાં સમગ્ર ગુજરાતમાંથી કુલ ૨ ટીમોના ૩૧૫ ખેલાડીઓએ વિવિધ શાળાઓમાંથી ૮ દિવસ ચાલેલા આ મહોત્સવમાં આનંદ અને ઉત્સાહભેર ભાગ લધો હતો. આ પ્રતિયોગિતામાં કુલ ૧૯ મેચની ૩૬ ઈનિંગ્સમાં ૪૧૧૨ રન બન્યા જેમાં લગભગ ૩૪૦ ચોગ્ગા અને ૨૬૦ સીકસર્સ લગાવવામાં આવી હતી. સમગ્ર ટુર્નામેન્ટમાં ૧૦ ખેલાડીએ એક ઈનીંગમાં ૫૦ રન બનાવ્યા છે. ફાઈનલ વિજેતા અને રનર અપને પારિતોષિક સાથે સર્ટીફીકેટ પણ આપવામાં આવ્યા હતા. વિજેતા ટીમને રૂ. ૧૧૦૦૦ અને રનર અપને રૂ. ૫૦૦૦નું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું. બંને ટીમોને ટ્રોફી પણ આપવામાં આવી હતી તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં મેન ઓફ ધ સિરીઝ-દીપ પટેલ, બેસ્ટ બોલર-નિશિત પટેલ, બેસ્ટ બેટસમેન વૃશાંક પઢિયાર તથા બેસ્ટ કીપર તરીકે પ્રિન્સ પટેલને સન્માનિત કરવામાં આવ્યા હતા.

દરેક સેકટરમાં માર્કેટ વિકસાવવા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની અપીલ

ગાંધીનગર, તા.૧૯

નાગરિકોની સુવિધા અને રોજગારી સર્જન માટે ગાંધીનગરના દરેક સેકટરમાં માર્કેટ વિકસાવવા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ દ્વારા અપીલ કરવામાં આવી છે. ગાંધીનગરના સેકટરોમાં ૭૦ વર્ષ જૂનાં શોપિંગ સેન્ટરો આવેલા છે. વધેલી વસ્તી અને જરુરિયાતોને લક્ષમાં લઈને તેના વિકાસનું નવેસરથી આયોજન કરવાની આવશ્યકતા હોવાનું ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે જણાવ્યું હતું. સ્માર્ટસિટીની દિશામાં મહત્વનાં કદમ તરીકે ગાંધીનગરના માર્કેટને અદ્યતન બનાવવા, સોશિયલ ડીસ્ટન્સનું પાલન થાય તે રીતે લોકો છૂટથી હરી ફરી શકે તેવા વિશાળ અદ્યતન શોપિંગ સેન્ટર આજની જરૂરિયાત છે. તેમાં ૫૦થી વધુ દુકાનો અને વૃક્ષોની છાયા સાથેના શાકમાર્કેટનો સમાવેશ કરવામાં આવે. વર્તમાન શોપિંગ

સેન્ટરની આજુબાજુ આવેલા જુના સરકારી કવાર્ટસને દૂર કરીને જમીન ઉપલબ્ધ કરી શકાય છે.

શાકભાજી શહેરીજનો માટે રોજિંદી જરૂરિયાત છે તે માટે શાકભાજી માર્કેટ શહેરીજનોના રહેઠાણની નજીક ઉપલબ્ધ કરવા જોઈએ. દરેક સેકટરમાં શોપિંગ સેન્ટરની પાસે શાકભાજી માર્કેટ માટેનું આયોજન કરવામાં આવે. આ સાથે નોનવેજ માર્કેટ મુખ્ય માર્કેટથી દૂર રાખવામાં આવે તે અનિવાર્ય રહેશે.

આ સાથે સેકટર-૨૧ મુખ્ય શાકમાર્કેટનું વિસ્તરણ કરવાની પણ અપીલ કરવામાં આવી છે. સેકટર-૨૧ મુખ્ય શાકમાર્કેટમાં ગ્રાહકોની અને લારીવાળાઓની હંમેશા ભારે ભીડ રહે છે. સેકટર-૨૧ મુખ્ય શાકમાર્કેટ અને અપનાબજાર બિલ્ડીંગ વચ્ચે આવેલા જૂના સરકારી મકાનોને દૂર કરીને તેસ્થળે શાકભાજી અને ફળોની રેકડીઓને ઉભા રહેવાની અને પાથરણાંવાળાને બેસવાની વ્યવસ્થિત જગ્યાઓ આપવામાં આવે જેથી મુખ્ય શાકમાર્કેટ પરનું દબાણ દૂર કરી શકાય અને ભીડ પણ ઓછી થશે.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ દ્વારા ઉપરની બાબતો પર મનપાનું ધ્યાન દોરવા અને વ્યવસ્થાપન માટે અપીલ કરવામાં આવી હતી.

કુડાસણના ભાર્ગવ ચૌધરીએ ખેલમહાકુંભમાં એથ્લેટીકમાં પ્રથમ નંબર મેળવ્યો

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત દાહોદ જિલ્લા ખાતે ૧૧મા ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દાહોદ ખાતે રમાયેલી એથ્લેટિક ઈવેન્ટમાં કુડાસણ ખાતે રહેતા અને દેવગઢબારીયાના ભાર્ગવ પ્રતાપભાઈ ચૌધરીએ ૧૦૦ મીટર અને ૨૦૦ મીટર એમ બંને ઈવેન્ટમાં પ્રથમ નંબર મેળવી શાળાનું તેમજ જિલ્લાનું નામ રોશન કર્યું છે. આગામી ૨૪મેના રોજ નડિયાદ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે રાજય કક્ષાની સ્પર્ધામાં તેઓ ભાગ લેનાર છે. રાજય કક્ષાએ ગોલ્ડ મેડલ લાવે તેવા આશીર્વાદ અને આશા વ્યકત કરવામાં આવી છે.

બ્રહ્મસમાજ ધોળેશ્વર શાખાનો ૨૮મીએ સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૨૦

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર, ધોળેશ્વર શાખા દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સ્નેહમિલન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે ૨૮ મેના રોજ સાંજે ૫.૦૦ કલાકે સ્નેહમિલન અને સાંજે ૮.૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમમાં શિવાધ રોયલ ફાર્મ પાર્ટી પ્લોટ-અંતરીક્ષ એપાર્ટમેન્ટની બાજુમાં, ધોળેશ્વર મહાદેવ રોડ, રાંદેસણ, ગાંધીનગર ખાતે યોજાશે. કાર્યક્રમમાં હાસ્ય કલાકાર મિલન ત્રિવેદી અને ગાયક કલાકાર દંષ્ટિ હાથી તથા રૂચિર ત્રિવેદી સાથે વાદ્યવૃંદ યોજાશે.



સેકટર-૫ યોગ પરિવારના સભ્ય તથા સેકટર-૫ વસાહત મંડળના ઉપપ્રમુખ વાસુદેવભાઈ સુથારના જન્મ દિવસની ઉજવણી સેકટર-૫ જાહેર બગીચામાં ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા એ પુષ્પગુચ્છ આપી જન્મ દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે યોગ પરિવાર સભ્યો વસાહત મંડળના અગ્રણીઓએ મોટી સંખ્યામાં હાજર રહી જન્મ દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

સેકટર-૨૨ ખાતે ૨૫૧ પાણીની પક્ષી પરબનું વિતરણ સ્વ. નરેન્દ્ર રાવલના પત્ની અને પુત્ર દ્વારા તેમના દિવંગત આત્માને શાંતિ અર્પવા માટે સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. છેલ્લા ૨૫ વર્ષથી શહેરમાં માટીના કુંડાની પક્ષી પરબનું વિતરણ કરનાર શહેરના જાણીતા જીવદયા પ્રેમી નરેન્દ્ર રાવલ કોરોના મહામારીમાં દેવલોક પામ્યા હતા તેમના અબોલપક્ષીઓ માટેના જીવદયા કાર્યને તેમના પત્ની અને તબીબ પુત્ર ડૉ.મિલન રાવલ દ્વારા આગળ વધારવાનો નિશ્ચય કરવામાં આવ્યો છે.

કોલવડા આયુર્વેદ કોલેજની મુલાકાતે અમેરીકન ફૂડ એન્ડ ડ્રગ્સ ડીપાર્ટમેન્ટનું ડેલીગેશન

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના કોલવડા ખાતેની આયુર્વેદ સ્ટેટ મોડેલ કોલેજમાં અમેરીકન ફૂડ એન્ડ ડ્રગ્સ ડીપાર્ટમેન્ટના કંટ્રી ડાયરેકટર ડો. સારા મેકમુલેન તથા તેમની ટીમનાં સભ્યો ડો. નતાલીયે અને ડો. ફીલીપ, ભારત તથા ગુજરાત સરકારનાં ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનીસ્ટ્રેશનના અધિકારીઓ રાવતજી, વૈદ્ય કમલેશ ભટ્ટ, ડો. સુધિન્દ્ર કુલકર્ણી, ધ્રુવ શાહ તથા દીપેશ શાહ સહીતના અગ્રણીઓ દ્વારા કોલવડા સ્થીત સ્ટેટ મોડેલ આયુર્વેદ કોલેજ તથા કોલેજ સંલગ્ન હોસ્પિટલની મુલાકાત લેવામાં આવી હતી. હોસ્પિટલના અધિક્ષક વૈદ્ય રાકેશ ભટ્ટે હોસ્પિટલ ખાતે અપાતી ઓપીડી તથા આઈપીડી સેવાઓ વિશે છણાવટ કરી સમગ્ર ટીમને હોસ્પિટલ ખાતે કાર્યરત વિવિધ વિભાગોની મુલકાત કરાવી વિવિધ સારવારનું પ્રત્યક્ષ નિદર્શન પણ કરાવ્યું હતું.

આ મુલાકાતના પ્રારંભે આયુષ નિયામક વૈદ્ય જયેશભાઈ પરમાર દ્વારા સમગ્ર ટીમનું પરંપરાગત ભારતીય ઢબેતિલક કરી પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતું અને ભગવાન ધનવંતરી ભગવાનની આરાધના કરી સરકારની વિવિધ યોજનાઓ તથા ગુજરાત રાજયમાં આયુષ પ્રભાગની કામગીરી વિશે અને હોસ્પિટલ વિષે માર્ગદર્શન આપ્યુ હતું. મુલાકાત દરમિયાન સમગ્ર ટીમને કોલેજના આચાર્ય વૈદ્ય સ્વીટી રુપારેલે કોલેજના વિવિધ વિભાગો સબંધિત માહિતી આપી. હોસ્પિટલના અધિક્ષક વૈદ્ય રાકેશ ભટ્ટે હોસ્પિટલ ખાતે અપાતી ઓપીડી તથા આઈપીડી સેવાઓ વિશે છણાવટ કરી સમગ્ર ટીમને હોસ્પિટલ ખાતે કાર્યરત વિવિધ વિભાગો જેમ કે બાળરોગ, સ્ત્રી રોગ અને પ્રસુતિ તંત્ર, સ્વસ્થવૃત, કાયચિકિત્સા, શલ્ય, શાલાક્ય વગેરે અંતર્ગત ચાલતી ઓપીડી સેવાઓની મુલાકાત કરાવી. સાથે - સાથે ટીમને ડાયરેક્ટ આયુષ દ્વારા હોસ્પિટલનાં અંતરંગ વિભાગમાં દાખલ દર્દીઓને અપાતી પંચકર્મ સારવાર જેમ કે કટી બસ્તિ, જાનુ બસ્તિ, અભ્યંગ, સ્વેદન, જળો થેરાપી, અગ્નિકર્મ સારવાર વગેરેનુ પ્રાત્યક્ષીક નિદર્શન બતાવવામાં આવ્યું. આ તકે બાળકોને અપાતા આયુર્વેદીક ઈમ્યુનાઈજેશન પ્રોગ્રામ – સુવર્ણપ્રાશન ડ્રોપ્સ તથા આદર્શ સંતાન પ્રાપ્તિ માટે ઉપયોગી એવા ગર્ભાધાન સંસ્કાર અંગેની માહિતી પણ આપવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એફડીસીએના ડેપ્યુટી ડાયરેકટર વૈધ કમલેશ ભટ્ટ, આયુષના વૈધ હેમંત જોષી અને હોસ્પિટલના વડા વૈદ્ય રાકેશ ભટ્ટે કર્યુ હતુ.

રેડક્રોસ ગાંધીનગરના સ્થાપક પરીખદાદા દ્વારા ૩૫૦ જોડી ચપ્પલનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉનાળાની ગરમીમાં જરૂરિયાતમંદોને ચપ્પલનું વિતરણ કરી સુંદર સેવાકાર્ય કરવામાં આવ્યું હતું.

આઈઆઈટી ગાંધીનગરના ઋષિરાજ અધિકારીને ફુલબ્રાઈટ-નેહરુ ડોક્ટરલ રિસર્ચ ફેલોશિપ મળી

ગાંધીનગર, તા.૨૦

ભારતીય ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી ગાંધીનગરના કમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરિંગના શિસ્તમાં પ્રોફેસર નિપુન બત્રાની દેખરેખ હેઠળ કામ કરતા પીએચડી સ્કોલર ઋષિરાજ અધિકારીને પ્રતિષ્ઠિત ફુલબ્રાઈટ-નેહરુ ડોક્ટરલ રિસર્ચ ફેલોશિપ ૨૦૨૨-૨૩થી નવાજવામાં આવ્યા છે. યુનાઈટેડ સ્ટેટ્સ-ઈન્ડિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશન, ભારતમાં ફુલબ્રાઈટ કમિશન દ્વારા સ્થાપિત પ્રતિષ્ઠિત ફેલોશિપ, સખત અરજી અને ઈન્ટરવ્યુ

પ્રક્રિયા પછી દર વર્ષે માત્ર મુઠ્ઠીભર ઉમેદવારોને આપવામાં આવે છે. આંતર-સાંસ્કૃતિક વિદ્યાર્થીઓની વિવિધતા સાથે સંયોજિત, આ ફેલોશિપ પુરસ્કાર મેળવનારાઓને વિચારોને ક્રોસ-ફર્ટિલાઈઝ કરવા, પડકારરૂપ સંશોધન સમસ્યાઓનો સામનો કરવા અને અમલમાં મૂકવા યોગ્ય અસરકારક ઉકેલો વિકસાવવા સક્ષમ બનાવે છે.

આઈઆઈટી ગાંધીનગર ખાતે ઋષિરાજનું પીએચડી સંશોધન માનવ-કોમ્પ્યુટર ઈન્ટરેકશન અને સર્વવ્યાપક કમ્પ્યુટિંગ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, તે ઑગસ્ટ ૨૦૨૨થી નવ મહિના માટે યુએસએની કાર્નેગી મેલોન યુનિવર્સિટીમાં હ્યુમન-કમ્પ્યુટર ઈન્ટરેક્શન ઈન્સ્ટિટ્યૂટમાં પ્રોફેસર મયંક ગોયલ સાથે કામ કરવા જશે. આ તક તેને અત્યાધુનિક સંશોધન સુવિધાઓ અને ઝૂમ ખાતે વૈશ્વિક દૃષ્ટિકોણ સાથે નોંધપાત્ર સંપર્ક પ્રદાન કરશે. તે એવી ટેક્નોલોજી પર કામ કરશે કે જે શ્વસન સંબંધી બિમારીઓને કારણે થતા મૃત્યુને ઘટાડવા માટે નિવારક, નિરંતર આરોગ્યસંભાળ પ્રણાલી વિકસાવી શકે.